# BUSINESS મિત્ર

નિફ્ટીએ 25950 પોઇન્ટની સપાટી તોડી : ચાંદી, સોનુ અને કોપરમાં ઐતિહાસિક સ્તરેથી 8 ટકા સુધીનો ઘટાડો

# નબળા રૂપિયાથી શેરબજારમાં નરમાઇ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 29:** ભારતીય શેરબજારમાં સપ્તહથી શરૂઆત નબળી થઈ હતી. આજે કોમોડિટીઝમાં શરૂઆતમાં ઝડપી ઉછાળો જોવાયો હતો અને ઐતિહાસિક સપાટી બનાવ્યા બાદ ઉપલા સ્તરેથી વેચવાલી રહેતા સોનુ, ચાંદી તથા કોપર ઝડપી ઘટ્યા હતા. જોકે, આજે કારોબારના દિવસ દરમ્યાન શરૂઆતી વેચવાલી રહી હતી અને વૈશ્વિક નબળા સંકેતોના કારણે શેરબજારમાં નરમાઇ જોવા મળી હતી. ત્રીજા કવાર્ટરના કોર્પોરેટ રિઝલ્ટ જાહેર થનારા છે અને આ રિઝલ્ટ પહેલાં તથા નબળો રૂપિયો અને એફઆઈઆઈની વેચવાલીના કારણે 26100ની સપાટી કુદાવ્યા બાદ છેલ્લે 26950ની સપાટી તોડીને નરમ બંધ રહી હતી. સેકટર વાઈઝ જોઈએ તો મીડિયા, એફએમસીજી અને પીએસયુ બેન્કના શેરમાં સુધારો જોવાયો હતો. જ્યારે કન્ઝયુમર ડ્યુરેબલ્સ, આઈટી અને રિયલ્ટી શેરોમાં રનમાઇ જોવા મળી હતી. નવેમ્બર મહિનામાં આઈઆઈપી વાર્ષિક ધોરણે 6.7 ટકાનો વધારો થયો હતો. જે ઓકટોબરમાં 0.4 ટકાના વિસ્તરણની તુલનામાં ફેકટરીના ઉત્પાદનમાં બે વર્ષની ઉંચી સપાટીને દર્શાવે છે.

બીએસઇ સેન્સેક્સ 345.91 પોઇન્ટ એટલે કે 0.41 ટકા ઘટીને 85000 પોઇન્ટની સપાટી તોડીને 84695.54 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85250 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84637 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 100.20 પોઈન્ટ એટલે કે 0.38 ટકા ઘટીને 25942.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26000 પોઈન્ટની સપાટી કુદાવીને 26106 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. જ્યારે નીચામાં 25920 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 79 પોઈન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 58932.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે એચએફસીએલ લિ. 8.73 ગણા, જેએમ ફાઈ. લિ. 7.65 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયા 5.92 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટ 3.61 ગણા અને હોમ ફર્સ્ટ ફાઈ. 3.05 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એચએફસીએલ લિ. 8.2 ગણા, એમએમીટીસી 6.96 ગણા, એચઈજી લિ.માં 6.72 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયામાં 6.44 ગણા અને હિન્દુસ્તાન કોપરમાં 5.17 ગણા કામકાજ નોંધાયા છે.

ફ્રન્ટલાઈન શેરોની સાથે સાથે બ્રોડર માર્કેટમાં પણ નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.45 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.58 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળી જોવા મળી હતી. બીએસઇ ખાતે 1579 શેરો વધ્યા હતા જ્યારે 2730 શેરો ઘટ્યા હતા. અને 212 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી કન્ઝયુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ 0.91 ટકા ઘટ્યો હતો. જેમાં ડિકસન ટેકનો, અંબર એન્ટર, બ્લુ સ્ટાર, પીજી ઈલે. કલ્યાણ જ્વેલર્સ, સેન્ચુરી પ્લાયબોર્ડસ, બાટા ઈન્ડિયા, સેરા સેનીટરીવેર, ક્રોમ્પ્ટોન ગ્રીવ્સ અને કજારીયા સીરામીક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપયિન બજારોમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે મોટા ભાગના એશિયન બજારો ઉંચા બંધ રહ્યા હતા. કારણ કે રોકાણકારોએ વર્ષના અંતિમ ટ્રેડિંગ સપ્તાહની શરૂઆત કરી હતી. ચાંદી સ્પોટ ભાવ ઔંસ દીઠ 80 ડોલરની ઉપરની નવી રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા હતા અને તે 77 ડોલર પર પહોંચી ગયા હતા. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ચાંદીનો તાજેતરનો ઉછાળો સટ્ટાકીય ખરીદી અને વિલંબિત સપ્લાય ટાઈટનેસને કારણે થયો હતો. મીડિયા રિપોર્ટમાં વધુમાં જણાવાયું હતું કે, આ વર્ષે ચાંદીની તેજી મુક્તપણે વેપાર કરતી ઈન્વેન્ટરી ઘટાડાને પ્રતિબંબિત કરે છે, માગ વધવાની સાથે કિંમતમાં વૃદ્ધિ થઇ છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.16 ટકા, કેક 0.19 ટકા અને ડેક્સ 0.28 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.66 ટકા, સ્ટ્રેઈટસ 0.05 ટકા, હેંગસેંગ 0.74 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.88 ટકા, કોસ્પી 2.15 ટકા, જકાર્તા 1.23 ટકા, શાંઘાઈ 0.04 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.




## ડોલરમાં મજબૂતાઇ આગળ વધી, 90ની નજીક

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 29:** કરન્સી બજારમાં રૂપિયો વધુને વધુ નબળો પડતો જોવા મળી રહ્યો છે. આજે ડોલર વધુ મજબૂત થઇને 90ને ટચ થયો હતો, જે છેલ્લે 90ની નજીક બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 10 પૈસા નબળો પડીને 89.98ના સ્તરે બંધ રહ્યો હતો. જયારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.86ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.84, પાઉન્ડ 121.58, કેનેડિયન ડોલર 65.67, ઓસ્ટ્રેલિયન ડોલર 60.28, જાપાનીઝ યેન 0.5755 અને સીંગાપોર ડોલર 68.74ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 89.98 રૂ. |
| યુરો | 105.84 રૂ. |
| પાઉન્ડ | 121.58 રૂ. |
| યેન | 0.5755 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -345.91 | 84695.54 |
| નિફ્ટી | -100.20 | 25942.10 |
| બેન્ક નિફ્ટી | -79.00 | 58932.35 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 1.88 | 172.30 |
| ટાટા કન્ઝયુમર | 1.66 | 1195.20 |
| એશિયન પેઇન્ટસ | 1.05 | 2775.40 |
| ગ્રાસીમ ઇન્ડ. | 0.88 | 2842.40 |
| એનટીપીસી | 0.43 | 325.50 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 2.20 | 1554.40 |
| પાવરગ્રીડ | 1.83 | 260.60 |
| ટ્રેન્ટ | 1.38 | 4226.00 |
| બીઇએલ | 1.31 | 303.25 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 1.83 | 172.25 |
| એશિયન પેઇન્ટસ | 1.00 | 2773.70 |
| ઇન્ટર્નલ | 0.48 | 282.95 |
| એનટીપીસી | 0.45 | 325.50 |
| એકસીસ બેન્ક | 0.33 | 1232.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 2.22 | 1454.25 |
| એચસીએલ ટેકન | 1.86 | 1630.20 |
| પાવરગ્રીડ | 1.85 | 260.60 |
| ટ્રેન્ટ | 1.36 | 4225ચ70 |
| બીઇએલ | 1.26 | 393.40 |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૦૮૫૦ |
| તેજાબી સોનું | ૧૪૦૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૩૮૦૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૮૦૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૦૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૬૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૮૨૦૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**સુડોકુ - ૭૯૬૪**



- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



સુડોકુ-૭૯૬૩ ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### અતિસાર


અતિસાર તથા કોલેરા મા વૈદરાજ પ્રભાશંકર ગઢડાવાળા નો નોંધાયેલો આ પ્રયોગ જુઓ. એકલું પાણી આપવું નહીં. પાંચ લીંબુનો રસ કાઢી તેમાં સાકર, મીઠું અને ઉકાળીને ઠંડુ કરેલું સહેજજ પાણી ભેળવી બનાવેલું શરબત એક એક ઘૂંટ સતત પીવા આપો. એમના લખાણ મા તો આખા દિવસમાં દશ શેર લીંબુનો ઉલ્લેખ છે પણ તે અશક્ય લાગે છે. એથી સતત આવું શરબત પીવાની ભલામણ કરીએ છીએ. સાથે કર્પૂર રસ ગોળીઓ વૈદ શ્રી ની દેખરેખ હેઠળ લેવી. જાયફળ ઘસીને, મધ જેવો ઘાડો ઘસારો બે ચમચી પીવો.

**શબ્દગુંફન - ૭૧૩૨** — અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. હીંચકાની પેઠે હાલતું (૫)
૪. બદલો, વટાવ (૪)
૬. અરુચિ, અપ્રિતિ (૩)
૭. હોડી (૨)
૮. મુરબ્બી, રક્ષક (૨)
૯. રાત, રજનિ (૨)
૧૧. શરીર, દેહ (૨)
૧૨. ખુશ, સંમત (૨)
૧૩. દરજ્જો, પદવિ (૨)
૧૪. પીડવું, દબાવવું (૩)
૧૬. અવાજ (૨)
૧૭. પરાજ્ય (૨)
૧૮. કંટાળેલું, પીડા, કંટાળો (૨)
૨૦. અંધકાર (૨)
૨૨. નાનાં કાગળ કે કપડાના ટુકડા (૪)
૨૪. જિંદગી, જન્મારો (૩)
૨૬. ઘવાયેલું (૨)
૨૭. આંખની કીકી (૩)
૨૮. જમીન માલિક (૫)
૩૧. પવિત્ર, સ્થળ (૨)
૩૨. બૂમ, પ્રતાપ (૨)
૩૩. નિર્ણય, ઉકેલ (૨)

**ઊભી ચાવી**
૧. પૈસાદાર, ધનિક (૫)
૨. જૈન સાધુ (૨)
૩. બનાવટી (૩)
૪. વૃક્ષોની લાંબી હાર (૪)
૫. ઝાડ, વૃક્ષ (૨)
૮. રંગ, વર્ણ (૨)
૧૦. નકામું, બાદ કરેલું (૨)
૧૧. પુત્ર (૨)
૧૨. ફરિયાદ (૨)
૧૩. પાછું (૩)
૧૫. પવન (૩)
૧૬. જરાક, ધૂળ (૨)
૧૮. વાણી, બોલી (૨)
૧૯. હોડી, વહાણ (૨)
૨૧. ચિંતન કરનારું (૫)
૨૨. દેવુ, ઋણ (૩)
૨૩. દાંત (૩)
૨૪. ફતેહ, વિજય (૨)
૨૫. પોચું (૩)
૨૬. દરેક (૨)
૨૯. માછલુ (૨)
૩૦. દાન આપનાર (૨)
૩૧. ડર, બીક (૨)



શબ્દગુંફન-૭૧૩૧ ઉકેલ

## આજનું પંચાંગ

**તા. 30/12/2025, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** સુદ: 07:52 પછી એકાદશીનો ક્ષય છે.
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ :09
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :** શિશિર
**નક્ષત્ર :** 07:52 પછી અશ્વિની નો ક્ષય છે.
**યોગ :** સિદ્ધ
**કરણ:** વણિજ
**રાશિ:** મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** અશુભ-પુત્રદા સમાર્ત એકાદશી
**સુરતમાં સૂર્યોદય :** 07:17 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:06 **નવકારસી:** 08:05
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 09મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નવા ફેરફારથી નવી તક મળે. ઉત્સાહજનક સમાચાર મળે. પ્રવાસમાં સાવધાન રહેવું વિવાદ ટાળવો.

**વૃષભ (બ,વ,ઉ,):** ધાર્મિક પ્રવાસ થાય. પારિવારિક પ્રશ્નો સતાવે. ગુપ્ત શત્રુઓથી સવાધાન, ખર્ચા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** મિત્રોની મદદથી સંતાનોના કામ સરળ બને. પ્રેમમાં ધીરજ રાખવી શેર બજારમાં તક મળે.

**કર્ક (ડ,હ,):** ધંધા કે મિલકતનાં નવા સોદા પાર પડશે. નોકરીમાં નવી તક મળે. સમાજમાં યશ મળે.

**સિંહ (મ,ટ,):** રચનાત્મક કામથી યશ મળે. ધાર્મિક યાત્રા, ધાર્મિક વસ્તુના વેપારમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરી-ધંધામાં જવાબદારી વધરો. ખર્ચા વધે. વિવાદથી અશાંતિ વધે. વડીલોનો સાથ મળે.

**તુલા (ર,ત,):** ઊંમરલાયકના વિવાહની વાત ચાલે. અચાનક અટકેલાં કામ પાર પડે. રોજના કામમાં રાહત રહે.

**વૃશ્ચિક (ન,ય,):** સરકારી કામમાં પ્રગતિ થાય. હરીફોની પીછેહઠ થાય. માતાનો સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધે. પ્રેમમાં વિશ્વાસ વધશે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. અચાનક ભાગ્યનો સાથ મળે.

**મકર (ખ,જ,):** નવા ઘર વાહન બાબતે પ્રગતિ થાય. બહારના કામમાં મદદ મળે. આરોગ્ય નરમ રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આત્મવિશ્વાસ વધે.ભાડા દલાલીની આવક વધે. મિત્રો સાથે નવા કામની શરૂઆત થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** વાણી અને વ્યવહારની સફળતાથી માર્કેટીંગ, શિક્ષણ જેવા કામમાં સફળતા મળે.

### કોઇ પણ સાલમાં 30 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. ટેકનોલોજીનું જ્ઞાન અને નવા વાતાવરણમાં કામથી નવુ શીખવા મળે. નવા ફેરફારથી કાર્યબોજ અને જવાબદારી વધે. મનગમતી જગ્યાએ કામ મળે. મિત્રોની મદદ સંતાનોના કેરીયર અભ્યાસમાં મળે. સમાજમાં પ્રતિષ્ઠા વધશે. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ સરળ બને. ઉંમરલાયકને યોગ્ય માત્ર મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનાં સાથ મળે. નવા ઘર, વાહન, મકાન તથા વારસા, જાયદાદ, જમીન જેવા કામ અનુકૂળતા એ પાર પડતાં રહેશે. આરોગ્ય સામાન્ય રહે. વધારાની આવક માટેની મહેનતનું ફળ મળશે. યાત્રા-પ્રવાસ ધર્મ, કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. જૂન-જુલાઈમાં આરોગ્યના ખર્ચા વધશે.

---

**નાણાકીય વર્ષ 2025માં ચાંદીના ભાવમાં 180 ટકાનો ઉછાળો જોવાયો**

# 1979ના વર્ષમાં 200 ટકાના ઉછાળોનો રેકોર્ડ 2025માં તુટી શકે

**સોનુ**, ચાંદી અને કોપરે ઐતિહાસિક સપાટી બનાવી, બાદમાં નફાવસુલીએ 8 ટકા સુધી ઘટયા

મુંબઇ, તા. 29: 2025માં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં લગભગ 180 ટકાનો વધારો થયો છે. આ વર્ષ માટે હજુ ત્રણ ટ્રેડિંગ દિવસો બાકી છે અને જો આ ગતિ ચાલુ રહેશે તો તે 1979 પછીનું ચાંદી માટે શ્રેષ્ઠ વર્ષ સાબિત થઇ શકે છે, જ્યારે ભાવમાં 200 ટકાથી વધુનો વધારો થયો હતો. જે રેકોર્ડ તૂટી શકે છે.

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે, ચાંદીએ સ્થાનિક સ્તરે એમસીએક્સ પર માર્ચ ડિલિવરી માટે વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. ચાંદીની કિંમત 4 ટકાથી વધુ વધીને 254174 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઇ છે, જે અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટી છે. આવી જ રીતે તે જ સમયે, સોનાના ભાવમાં ઘટાડો થયો હતો. આજના કારોબારમાં સોનુ, ચાંદી અને કોપર ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા બાદ નફારૂપી વસુલીના પગલે ઘટયા હતા. માર્ચ ડિલિવરી માટે ચાંદી 3.72 ટકા અથવા 8931 રૂપિયા વધીને 248718 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ કરી રહી હતી. તે જ સમયે, ફેબ્રુઆરી ડિલિવરી માટે સોનું 24 રૂપિયા ઘટીને 139849 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ટ્રેડ કરી રહ્યું છે. જોકે, વૈશ્વિક બજારમાં ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ પહેલા સ્પોટ માર્કેટમાં ચાંદીએ 84 ડોલર પ્રતિ ઔંસની ઉપર નવો રેકોર્ડ બનાવ્યો હતો.

રેકોર્ડ લેવલ પર પહોંચ્યા બાદ રોકાણકારોએ નફો બુક કરી રહ્યા હતા. જેના કારણે ચાંદી તેની ઊંચી સપાટીથી લગભગ 8 ટકા ઘટી હતી. આ ઘટાડાને કારણે સતત સાતમા દિવસે ચાંદી વધારવાની પ્રક્રિયા તૂટી ગઇ હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી વાયદો પ્રારંભિક કારોબારમાં વધીને 82.67 ડોલર પ્રતિ ઔંસ થયો હતો, જે એક દિવસમાં ૭ ટકા વધ્યો હતો. અગાઉ શુક્રવારે તેમાં 11 ટકાનો વધારો થયો હતો, જે 2008 પછીનો સૌથી મોટો એક દિવસનો વધારો હતો. ઓક્ટોબરમાં સપ્લાયની અછત કરતાં આ ઊંચા ભાવે ચાંદીનો વધારો ઝડપી માનવામાં આવે છે. નિષ્ણાતો કહે છે કે રજાઓના કારણે બજારમાં ખરીદ-વેચાણ ઓછું થયું હતું, જેના કારણે ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો હતો. બજારમાં ચાંદીની ઉપલબ્ધતા ઓછી છે અને નાણાં ઝડપથી ખતમ થઇ શકે છે, જેના કારણે ભાવમાં તેજી જાળવી રહી છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ચાંદીને 238810 રૂપિયાથી 237170 રૂપિયાના સ્તર પર ટેકો મળી શકે છે, જ્યારે ઉપરની બાજુએ 241810 રૂપિયાથી 243470 રૂપિયાના સ્તર રેઝિસ્ટન્ટ તરીકે કામ કરી શકે છે.

# ચાંદી ઉપલા સ્તરેથી 8 ટકા તૂટતા હિન્દુસ્તાન ઝીંકમાં 5 ટકાનો ઘટાડો નોંધાયો

**વર્ષ** 2025માં અત્યાર સુધીમાં હિન્દુસ્તાન ઝીંકે લગભગ 42 ટકા વળતર આપ્યું

મુંબઇ, તા. 29: છેલ્લા કેટલાક સમયથી સતત વધી રહેલી હિન્દુસ્તાન ઝિંકના શેરમાં આજે તીવ્ર વધઘટ જોવા મળી હતી. ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડાની અસર કંપનીના શેર પર પણ પડી હતી. ટ્રેડિંગ દરમિયાન કંપનીના શેરમાં 5 ટકાનો ઘટાડો થયો હતો.

સવારના કારોબારમાં કંપનીનો શેર 656.35 રૂપિયાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જે તેની 52 સપ્તાહની નવી ઊંચી સપાટીએ છે. જોકે, આ પછી, પ્રોફિટ બુકિંગ અને ચાંદીના ભાવમાં નબળાઈને કારણે શેરમાં તમામ નફો ગુમાવ્યો હતો. બપોરના કારોબારમાં તે લગભગ બે ટકા ઘટીને શેર દીઠ રૂ. 622.25 પર કારોબાર કરી રહ્યો હતો.

એમસીએક્સ પર એક્સપાયરી ચાંદીના ભાવ પ્રારંભિક કારોબારમાં રૂપિયા 2,54,174 પ્રતિ કિલોની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જો કે, રેકોર્ડ ઉછાળો પછી, ચાંદીનો તીવ્ર નફા બુકિંગ જોવા મળ્યો હતો અને ભાવ 8 ટકાથી વધુ ઘટીને રૂપિયા 2,33,120 પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગયો હતો.

હિન્દુસ્તાન ઝિંક દેશની સૌથી મોટી ચાંદી ઉત્પાદક છે અને ઓછામાં ઓછી 99.9 ટકા શુદ્ધતા સાથે શુદ્ધ ચાંદીનું ઉત્પાદન કરે છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં કંપનીના શેરમાં વધારો થવાનું મુખ્ય કારણ ચાંદીના ભાવમાં જબરદસ્ત ઉછાળો છે. આવી સ્થિતિમાં ચાંદીના ભાવમાં અચાનક થયેલા ઘટાડાની સીધી અસર કંપનીના શેરના ભાવ પર પણ પડી હતી. વર્ષ 2025માં અત્યાર સુધીમાં, આ શેરે લગભગ 42 ટકા વળતર આપ્યું છે. કંપનીનો વર્તમાન પી/ઈ રેશિયો લગભગ 26 છે, જ્યારે તેની માર્કેટ કેપ 2.66 લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

# ચાંદીના ભાવનો પરપોટો ફુટવાની તૈયારી, રોકાણકારો સાવચેત રહે

**રિચ** ડેડ પુઅર ડેડના લેખક રોબર્ટ કિયોસાકી કહે છે કે ચાંદીના ભાવ આસમાને પહોંચીને નીચે પછડાશે

નવી દિલ્હી, તા. 29: સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા છે. ચાંદીના દરમાં સૌથી મોટી રેલી આવી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં ચાંદીની કિંમત 80 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગઇ છે. દરમિયાન, રિચ ડેડ પુઅર ડેડના લેખક રોબર્ટ કિયોસાકી કહે છે કે ચાંદીના ભાવનો આ પરપોટો ફાટવાનો છે. તેમણે રોકાણકારોને ચાંદી ખરીદવી કે નહીં અથવા આ સમયે કેવા પ્રકારનું વલણ અપનાવવું તે અંગે પણ સલાહ આપી છે. તમને જણાવી દઇએ કે ગયા અઠવાડિયે કોમેક્સ માર્કેટમાં ચાંદીના ભાવમાં 9.71 ડોલર એટલે કે સપ્તાહમાં 14 ટકાથી વધુનો વધારો થયો છે. ભારતમાં ચાંદીની કિંમત 2.50 લાખ રૂપિયાને પાર થઇ ગઇ છે. રોબર્ટ કિયોસાકી ઘણીવાર સોના, ચાંદી, ક્રિપ્ટો વગેરે માટે આગાહી કરે છે. આ વખતે તેણે ફરીથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ પોસ્ટ કરી. જેમાં તેણે લખ્યું હતું કે શું ચાંદીનો પરપોટો ફાટવાનો છે? મને ચાંદી ગમે છે. તેણે એમ પણ કહ્યું હતું કે તેણે 1965માં પ્રથમ વખત ચાંદી ખરીદી હતી. ત્યારબાદ તેમણે સવાલ ઉઠાવ્યો કે શું હવે ચાંદીનો પરપોટો ફાટવાનો છે. તેઓ ગુમ થવાના ડરને કારણે એટલે કે એફઓએમઓને કારણે આ કરી રહ્યા છે.

પોતાની પોસ્ટમાં તેમણે વધુમાં લખ્યું છે કે મંદી આવી રહી છે. જો તમે હજુ સુધી ચાંદીમાં રોકાણ કર્યું નથી અને હવે તમે ચાંદી ખરીદવાનું વિચારી રહ્યા છો, તો હવે ધીરજથી રોકાણ કરવાનો નિર્ણય લો. તેમણે અંદાજ લગાવ્યો હતો કે 2026 માં ચાંદીની કિંમત 100-200 અબજ ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચી શકે છે. આ અંદાજની સાથે જ તેણે પોતાના પુસ્તક 'ડેડ પુઅર ડેડ'માં લખેલી શીખની પણ યાદ અપાવી. તેમણે કહ્યું કે નફો ત્યારે થાય છે જ્યારે તે ખરીદવામાં આવે છે અને વેચવામાં આવે છે ત્યારે નહીં. તેથી, રોકાણકારોએ ધીરજ રાખવી જોઈએ અને મંદીને ધ્યાનમાં રાખીને તેમના નાણાંનું રોકાણ કરવું જોઈએ.

ચાંદીના વધતા ભાવને ધ્યાનમાં રાખીને, ચીને 1 જાન્યુઆરી, 2026થી ચાંદી પર નિકાસ પ્રતિબંધોની જાહેરાત કરી છે. આ માટે હવે તેઓએ લાઇસન્સ ફરજિયાત કરી દીધું છે. ચીનના આ પગલાથી સપ્લાય પર વધુ અસર પડશે, જેની કિંમતો પર અસર પડી શકે છે.

# 80 હજાર કરોડની ડિફેન્સ ડીલથી ડિફેન્સ શેરોમાં ચમકારો

**મઝગાંવ** ડોક, બીડીએલ, હિન્દુસ્તાન એરોનોટિક્સ સહિતના ડિફેન્સ શેરોમાં વધારો જોવાયો

મુંબઇ, તા. 29: ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલમાં 80 હજાર કરોડ રૂપિયાના સંરક્ષણ સોદાને મંજૂરી આપવામાં આવી છે. એસ્ટ્રા માર્ક-૨ મિસાઇલ ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ ટી-90 ટેન્ક અને એમઆઈ-17 હેલિકોપ્ટરના આધુનિકીકરણની પણ મહોર લગાવવામાં આવી છે. આ સમાચારને કારણે બીઈએલ, બીઈએમએલ, બીડીએલ અને એચએએલ જેવા ડિફેન્સ શેરો ફોકસમાં છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (ડીએસી) દ્વારા 80000 કરોડ રૂપિયાના સંરક્ષણ સોદાને મંજૂરી આપવામાં આવી છે. ટી-90 ટેન્કના આધુનિકીકરણની દરખાસ્તની મંજૂરી સાથે એમઆઈ-17 હેલિકોપ્ટરના આધુનિકીકરણને પણ મંજૂરી આપવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એમઆરએસએએમ, એસ્ટ્રા માર્ક-2 મિસાઈલની ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત લોઈટરિંગ મ્યુનિશન્સની ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે. મિધાનીનો શેર ઈન્ડેક્સમાં સૌથી વધુ વધ્યો હતો. જે લગભગ 11 ટકા વધીને 353.50 રૂપિયા પ્રતિ શેર થયો હતો. મઝગાંવ ડોક શિપબિલ્ડર્સના શેરમાં લગભગ ૩ ટકાનો વધારો થયો હતો. જ્યારે ગાર્ડન રીચના શેરમાં ઈન્ટ્રાડેમાં 2 ટકાથી વધુનો વધારો થયો છે. ભારત ડાયનેમિક્સ (બીડીએલ)ના શેરમાં લગભગ 2 ટકાનો ઉછાળો આવ્યો હતો.

**Muthoot Homefin (India) Ltd.**
CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, પહેલો માળ, પ્રિમાઇસીસ નં. 1 અને 2, ''શાંતિ કોમ્પ્લેક્ષ'', રિલાયન્સ મોલ પાસે, ગુંજન રોડ, જીઆઇડીસી, વાપી, ગુજરા ત 396191

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]
પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને અમલીકરણ હેઠળ અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લેવાના સંદર્ભમાં સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં સ્થાવર મિલકત ખરીદવા માટે ઓફર મંગાવવામાં આવે છે, જે અહીં વર્ણવ્યા મુજબ, 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ છે તે'ના આધારે', જેની વિગતો નીચે આપેલ છેઃ-

| અ. નં. | ઋણ લેનાર/ઓ/ સહ-ઋણ લેનાર/ ગેરન્ટર/ લોન એકાઉન્ટ નંબર/ શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RPના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | મીના દેવી/કુંદન મોહન નટરાજન/ 059-05900392/ વાપી | 30-ડિસેમ્બર-2023/ રૂ.10,52,861/- રૂપિયા દસ લાખ બાવન હજાર આઠસો એકસઠ પૂરા | સર્વે નં. 27/1+28+11, પ્લોટ નં. 38, ફ્લેટ નં. 102, પ્રાઇમ પેલેસ, વૈષ્ણવ નિવાસ પાછળ, રામ મંદિર નજીક, રમઝાનવાડી, છરવાડા, વાપી પ્રમુખ હિલ્સની નજીક, વલસાડ, ગુજરાત-396145. સીમાઓ- ઉલ્લેખીત નથી, દક્ષિણ- ઉલ્લેખીત નથી, પૂર્વ- ઉલ્લેખીત નથી, પશ્ચિમ- ઉલ્લેખીત નથી | રૂ.3,00,000/- રૂપિયા ત્રણ લાખ પૂરા. | રૂ.30,000/- રૂપિયા ત્રીસ હજાર માત્ર. |

1. હરાજી 'જ્યાં છે ત્યાં' અને 'જેમ છે તેમ'ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજીથી વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોક્ત પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે અને કેવાયસી સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 14 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી પ્રાદેશિક કચેરી ખાતે ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ13 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યાથી શરૂ કરીને બપોરે 03:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 15 જાન્યુઆરી-2026 બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને જો કોઈ હોય તો, રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલીકારે મિલકતના બોજો ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને ખુદ નિરીક્ષણ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલીકાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનાર/જામીનદારોને સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી રકમ, વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ ચૂકવી દે છે તો હરાજી રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ - 9737057744
તારીખ: 30 ડિસેમ્બર, 2025
સ્થળ: વલસાડ
એસડી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ